ॐ

''સર્વોત્કૃષ્ટ શુદ્ધિ ત્યાં સર્વોત્કૃષ્ટ સિદ્ધિ'' ... શ્રીમદ્ રાજચંદ્ર



# ગોરક્ષા પાત્ર

ગોરક્ષા + સત્યાગ્રહ + ભ્રષ્ટાચાર નિર્મુલન આંદોલન = સંપૂર્ણ અહિંસક ક્રાંતિનું માસિક મુખપત્ર

અંક -૧૫ ૧ એપ્રિલ ૨૦૧૬ પાના-૮ લવાજમ વાર્ષિક-રૂ.૧૦૦/-

## રાજવાણી - 'ઉપાય'

અનંત અવ્યાબાધ સુખનો એક અનન્ય ઉપાય સ્વરૂપ થવું તે જ છે. એ જ હિતકારી ઉપાય જ્ઞાનીએ દીઠો છે.

આત્માને વિભાવથી અવકાશિત કરવાને અર્થે અને સ્વભાવમાં અનવકાશ પણે રહેવાને અર્થે. કોઈપણ મુખ્ય ઉપાય હોય તો તે આત્મારામ એવા જ્ઞાની પુરુષનો નિષ્કામ બુધ્ધિથી ભક્તિયોગ રૂપ સંગ છે. જ્ઞાની પુરુષની આજ્ઞાનું આરાધનએ સિધ્ધપદનો સર્વશ્રેષ્ઠ ઉપાય છે. નિર્વિકલ્પ અને અખંડ સ્વરૂપમાં અભિન્નજ્ઞાન સિવાય અન્ય કોઈ સર્વ દુઃખ મટાડવાનો ઉપાય જ્ઞાની પુરુષોએ જાણ્યો નથી.

પ્રાણી માત્રનો રક્ષક, બંધવ અને હિતકારી એવો કોઈ ઉપાય હોય તો તે વીતરાગનો ધર્મ જ છે. આત્મ ઉપયોગ એ કર્મ મૂકવાનો ઉપાય છે. મહાત્મા મુનિવરોના ચરણની, સંગની ઉપાસના અને સત્શાસ્ત્રનં અધ્યયન મુમુક્ષુઓને આત્મબળની વર્ધમાનતાના સદુપાય છે. સત્સંગ છે તે કામ બાળવાનો બળવાન ઉપાય છે.

જ્યાં ઉપાય નહીં ત્યાં ખેદ કરવો યોગ્ય નથી. ઈશ્વરેચ્છા પ્રમાણે જે થાય તેમાં સમતા ઘટે છે; અને તેના ઉપાયનો કંઈ વિચાર સૂઝે તે કર્યા રહેવું. એટલો માત્ર આપણો ઉપાય છે.

જ્યાં ઉપાય નહીં ત્યાં ખેદ કરવો યોગ્ય નથી. તેમને શિક્ષા એટલે ઉપદેશ દઈ સુધારવા કરવાનું હવે મૌન રાખી, મળતા રહી કામ નિર્વાહવું એ જ યોગ્ય છે જાણ્યા પહેલા ઠપકો લખવો તે ઠીક નહીં. તેમ ઠપકાથી અક્કલ આણી દેવી તે મુશ્કેલ છે. અક્કલનો વરસાદ વરસાવવામાં આવે છે, તો પણ આ લોકોની રીતિ હજી રસ્તો પકડતી નથી. ત્યાં શો ઉપાય? તેમના પ્રત્યે કંઈ બીજો ખેદ આણવાથી ફળ નથી કર્મબંધનું વિચિત્રપણું એટલે સર્વને સમ્યક્ સાચું સમજાય એમ ન બને. માટે એમનો દોષ શું વિચારવો? ઉપાય કર્યા વિના કાંઈ મટતું નથી. તેમ લોભરૂપી જીવને દરદ છે તેનો ઉપાય કર્યા વિના તે ન જાય. આવા દોષ ટાળવા માટે જીવ લગાર માત્ર ઉપાય કરતો નથી. જો ઉપાય કરે તો તે દોષ હાલ ભાગી જાય. કારણ ઊભું કરો તો કાર્ય થાય. કારણ વિના કાર્ય ન થાય.

સાચા ઉપાય જીવ શોધતો નથી આ સઘળાનો સહેલો ઉપાય આજે કહી દઉ છું કે દોષને ઓળખી દોષને ટાળવા. **શ્રીમદ્ રાજચંદ્ર.**

**સત્પુરુષોનું યોગબળ જગતનું કલ્યાણ કરો**
**... શ્રીમદ્ રાજચંદ્ર**

## ઓશો વાણી

તુમ ભેડ નહીં હો ભીડ મે હો ઈસલિએ ભેડ માલુમ પડ રહે હો. ભીડસે ઊઠો ભીડ સે જાગો. હોને કી દોડ સંસાર હૈ ઔર જો હૈ ઉસકે પ્રતિ જાગના ધર્મ હૈ.

જબ ફૂલ ખીલતે હૈ તો ભૌરે ચલે આતે હૈ, જબ તુમ ખિલોગે પરમાત્મા ચલા આયેગા. તુમ્હે જાનને કી ભી જરૂરત નહીં ઔર જિસ દિન પરમાત્મા તુમ્હે ચુનતા હૈ ઉસ દિન, બસ ઉસ દિન, ક્રાંતિ ઘટતી હૈ. ઉસ દિન તુમ્હારા સાધારણ સા લોહા ઉસકે પારસ સ્પર્શસે સ્વર્ણ હો જાતા હૈ. તુમ કુછ ઐસા કરો કિ વહ ચલા આયે. ઉસે આના હી પડે. વહ રૂક ના શકે. તુમ્હારા બુલાવા શબ્દોમે ન હો, તુમ્હારા બુલાવા અસ્તિત્વમેં હો જાયે.

પ્રભુ ચુનતા હૈ યોગ્યતા અર્જીત કરો. સંગીત કો જન્માઓ, તુમ સમાધિસ્થ બનો. પ્રાર્થના છોડો, માંગના છોડો, યોગ્ય બનો, પાત્ર બનો. તુમ જિસ દિન પાત્ર બન જાઓગે અમૃત બરસેગા ઔર અપાત્ર રહકર તુમ કિતની હી પ્રાર્થના કરતે રહો અમૃત બરસનેવાલા નહીં. ક્યોંકિ અપાત્રમેં અમૃત ભી પડ જાય તો જહર હો જાતા હૈ. તુમ સારી દુનિયાભી પાલો ઔર સ્વયં કો ખો દો યહ કોઈ સૌદા હુઆ? ઈસકો જીત સમજતે હો? યહ તો મહા હાર હો ગઈ. ઈસસે બડી ઔર પરાજય ક્યાં હોગી? અપને કો ગંવા દિયા (સબ કમા લિયા) સબ ગંવા દિયા. કમાને યોગ્ય તો એક હી બાત હૈ, વહ જો તુમ્હારે ભીતર છીપા બેઠા હૈ કહી હે પરમધન-વહી હૈ પરમપદ. ઉસે નહી પાયા તો સમજના તુમ ભીખ મંગે રહે ઓર ભીખ મંગે મરે. તુમ સારી પૃથ્વી કે માલિક હો જાઓ ઔર અગર તુમ અપને માલિક નહી હો તો તુમ દીન હો, તુમ દરિદ્ર હો ઔર અગર તુમ અપને માલિક હો, ઔર તુમ્હારે પાસ કુછ ભી ન હો તો ભી તુમ્હારી સમૃધ્ધિ અપૂર્વ હૈ, તુમ સમ્રાટ હો. બાહર અંધેરા હૈ, ભીતર રોશની હૈ, ભીતર હૈ જ્યોતિપુંજ. ભીતર અહર્નિસ જલ રહા હૈ દિયા ઔર તુમ કહાં ભટક રહે હો? જો જો તુમને દેખા હૈ સબ સપના હૈ, દૃશ્ય માત્ર સપના હૈ, યહીં તો પૂરબકી અપૂર્વ ધારણા હૈ માયા કી માયા કા અર્થ હૈ જો દેખા સપના થા, અનદેખા અપના થા, બસ એક ચીજ અનદેખી હૈ વહ તુમ સ્વયં હો. ઉસકો તુમને કભી દેખા નહી ઔર તો તુમને સબ દેખ ડાલા, એક ચીજ અનદેખી રહ ગઈ હૈ. તુમ્હારા સ્વયં કા સ્વરૂપ.- **'ઓશો રજનીશજીના પુસ્તકોમાંથી'.**

## ગાંધીજીનો ઘનશ્યામદાસ બિરલાને પત્ર
## જેઠ વદ ૫ (જૂન ૨૧, ૧૯૨૪)

ભાઈ ઘનશ્યામદાસજી,

તમરો પત્ર મળ્યો છે.

કાર્ય સિદ્ધ થાય કે ન થાય તોપણ આપણે અહિંસક જ રહેવું જોઈએ. અહિંસાના સિદ્ધાંતને આપણે સ્વભાવિક રીતે આચરણમાં મૂકી બતાવવાનો છે. સાચી વાત છે કે અહિંસાનું પરિણામ શુભ જ હોય છે, એવી અમારી પાકી શ્રદ્ધા હોવાથી ફળ આજે મળે કે વર્ષો પછી મળે એની સાથે આપણને કશી નિસબત નથી. ૨૦૦ વરસ પહેલાં જેમને બળજબરીથી ઈસ્લામ ધર્મમાં લાવવામાં આવ્યા હતા તેમનાથી ઈસ્લામને લાભ થઈ જ ન શકે, કેમ કે એમાં બળાત્કારની નીતિને સ્થાન મળેલું છે. એ જ રીતે જો કોઈને બળાત્કારથી અથવા દગાથી હિંદુ બનાવવામાં આવે તો તેમાં હિંદુ ધર્મના નાશની જડ રહેલી છે. સામાન્ય રીતે તાત્કાલિક પરિણામો જોઈને આપણે ભુલાવામાં પડીએ છીએ. એક મોટી કોમના ઈતિહાસમાં બસો વર્ષ કશા હિસાબમાં નથી. કાયદાની મદદથી કોઈની બૂરી આદત છોડાવીએ એટલાને પશુબળ નહીં કહી શકાય. કાયદાની મદદથી દારૂનો ધંધો બંધ કરાવીએ અને એને પરિણામે દારૂડિયા દારૂ છોડે એ બળાત્કાર નથી. જો એમ કહેવામાં આવે કે દારૂ પીનારને નેતરથી ફટકારવામાં આવશે તો અવશ્ય એ પશુબળ ગણાશે. દારૂ વેચવો એ રાજ્યનું કર્તવ્ય નથી.

**- તમારો મોહનદાસ**

## સર પ્રભાશંકર પટણી : કવિદિલ રાજપુરુષ

કોઈને મદદ માટે લંબાયેલો હાથ હસ્તકમળ કહેવાય છે.

ભાવનગરના દીવાન સરપ્રભાશંકર પટણીનું ઘર સદાયે સૌને મદદ માટે ખુલ્લું રહેતું.

ભાવનગર સ્ટેટનું નામ ગૌરવવંતું રાખવા માટે સર પ્રભાશંકર પટણી સદાયે જાગૃત રહેતા.

ભાવનગરમાં તે સમયે મહારાજ ભાવસિંહનું રાજ તપે.

મહારાજા ભાવસિંહે જાણ્યું કે પોતાના સ્ટેટના વેળાદરની આસપાસના દુર્લભ એવા કાળીયાર હરણો ઘણા છે અને આ નિર્દોષ હરણોને શિકારીઓ આવીને હણી નાખે છે.

આ જાણીને મહારાજાનું માથું ભમી ગયું.

મહારાજા ભાવસિંહજીએ તાત્કાલિક અધિકારીઓની મિટીંગ બોલાવી. સૌની સલાહ લેવામાં આવી. મહારાજા ભાવસિંહે એ સમયે જાહેર કર્યું કે વેળાદરની જંગલ ભૂમિ અભ્યારણ્ય જાહેર કરવામાં આવે. ત્યાં જે ખેડૂતોની જમીન હોય તે ખરીદી લેવામાં આવે. ખેડૂતોને યોગ્ય વળતર આપવામાં આવે.

મહારાજાની જાહેરાત થઈ તે વખતે ખેતરોમાં ચારેકોર ઊભો પાક લહેરાતો હતો. ખેડૂતોએ મહારાજાને કહ્યું કે, પાક લણી લેવામાં આવે ત્યાર પછી અભ્યારણ્યની યોજનાનો અમલ થાય.

મહારાજાએ ઘસીને ના પાડી દીધી.

ખેડૂતો મુંઝાયા.

ભાવનગર સ્ટેટમાં સૌ જાણે કે જ્યારે પોતાનું કોઈ ન સાંભળે ત્યારે સર પ્રભાશંકર પટણી સાંભળે.

ખેડૂતો ત્યાં પહોંચ્યા અને પોતાની મૂંઝવણ સમજાવી.

સર પટણીએ મહારાજા ભાવસિંહને સમજાવ્યા કે આપણી યોજનાનો અમલ પંદર દિવસ પછી કરવામાં કોઈ વાંધો નથી.

મહારાજાએ હસીને હા પાડી દીધી.

સર પ્રભાશંકર પટણીએ વિચાર્યું કે ભારતનો ઉધ્ધાર ભણતર વિના નથી. એમની પાસે જે ભણવાની વાત લઈને આવે તેને સર પટણી હંમેશા મદદ કરે.

એક યુવક તેમને સાંજના સમયે મળવા આવ્યો.

એ યુવકની રજૂઆત સાવ નવી હતી.

યુવકે સર પ્રભાશંકર પટણીને વંદન કર્યા અને વિવેકપૂર્વક કહ્યું, 'સર, આજથી વર્ષો પહેલા ભણવા માટે હું આપની પાસે મદદ લેવા આવેલો. આપે મને એક ક્ષણના પણ ખચકાટ વિના મદદ કરી અને હું ભણ્યો. મને સારી નોકરી મળી. મારું કુટુંબ સુખથી જીવે છે આ સૌ આપના રુડાપ્રતાપ છે. હું મારી કમાણીમાંથી રૂપિયા સાત હજાર આપને આપવા આવ્યો છું. આપ તે સ્વીકારો અને બીજા કોઈને પણ મદદ માટે જરૂર જણાય તેને આપો.'

યુવકની આંખમાં ભાવનાનો સમુદ્ર લહેરાતો હતો.

સર પ્રભાશંકર પટણી તેની વાત સાંભળીને અપાર ખુશી માણી રહ્યા. તેમણે યુવકના ખભે હાથ મૂકીને કહ્યું, 'મિત્ર, તે સમયે મારી જે ફરજ હતી તે મેં બજાવી. આ રકમ તું જ રાખ અને હવે તારા હાથે આવું જ શુભ કામ કરજે.'

યુવકે કહ્યું: 'સર, આપની વાત સર આંખો પર. હું આ રકમમાં બીજા ત્રણ હજાર ઉમેરીને કોઈને ભણવા માટે આપીશ.'

સર પ્રભાશંકર પટણીની બાહોશીની જેમ માનવતાની કીર્તિ પણ ચારેકોર ફેલાયેલી છે.

ભાવનગર પાસે વરતેજના વેલજી રબારીને મુશ્કેલીના દિવસો આવ્યા. માથે દેવાનો ડુંગર ખડો થઈ ગયો. દીકરીનું લગ્ન કર્યું ત્યારે આશા હતી કે વરસ સારા જશે એટલે વાંધો નહી આવે પણ બે વરસ નબળા ગયા. ખેતીમાં પાક ન થયો. ત્રીજા વર્ષે પાક થયો ત્યારે વેપારી વ્યાજના બદલામાં બધો પાક ઉપાડી ગયો. દેવું તો માથે એમનું એમ ઊભું રહ્યું. ઘરમાં ખાવા ધાન નહોતું ત્યાં મહેસુલ તો ક્યાંથી ભરાય? સરપંચ આવીને તકાદો કરી ગયા કે વેલજી, મહેસુલની રકમ ભરી જજે. અંગ્રેજ ઓફિસરો ભરબપોરે આબરુ લે એવા છે!

વેલજીના દુ:ખનો પાર ન રહ્યો. એમાં એક દિવસ ઓફિસરે આવીને ઘરને સીલ મારી દીધું. વેલજીને ઘરની બહાર કાઢી મુક્યો. વેલજી કુટુંબ સાથે રસ્તા પર આવી પડ્યો. વેલજીની આંખમાંથી આંસુ દડ દડ જાય.

વેલજીને કોઈએ કહ્યું કે તું સર પ્રભાશંકર પટણી પાસે જા.

વેલજીએ એમ જ કર્યું.

સર પ્રભાશંકર પટણીએ વેલજી રબારીની વાત સાંભળી, સર પટણીની આત્મીયતાથી વેલજી રબારીનું અડધું દુ:ખ તો ત્યાં જ દૂર થઈ ગયું.

સર પટણીએ મહેસુલ અધિકારી બર્કને બોલાવ્યા. વેલજી રબારીને હપ્તેથી મહેસુલ ભરવાની વ્યવસ્થા ગોઠવી આપી. તેના મકાન ઉપરનું સીલ દૂર કરાવ્યું. વેલજી રબારી કહે, 'સર, જ્યાં સુધી તમારા જેવા માનવીઓ જીવે છે ત્યાં સુધી દુનિયા જીવવા જેવી છે.!'

**-આચાર્ય શ્રી 'વાત્સલ્યદીપ'સૌ.ગુ. સમાચાર.**

# યાંત્રિક વિકાસ - ગોવંશી વિકાસ

| યાંત્રિક વિકાસ | ગોવંશી વિકાસ |
|---|---|
| * પ્રક્રિયા અને વૃધ્ધિ ઝડપી છે. | * પ્રક્રિયા અને વૃધ્ધિ ધીમી છે. |
| * સમયોચીત પ્રક્રિયાજન્ય છે. | * પારંપારિક પ્રક્રિયાજન્ય છે. |
| * માનવસર્જીત પરીબળ છે. | * મુખ્યત્વે પ્રાકૃતિક પરીબળ છે. |
| * જડ અવસ્થા છે. | * જીવંત અવસ્થા છે. |
| * સ્થુળ સમૃધ્ધિ સુવિધા વધે છે. | * સુક્ષ્મ ક્ષમતા પણ વધે છે. |
| * નાણાંબળ આધારીત છે. | * માનવબળ આધારીત છે. |
| * કાચા માલનું પ્રક્રિયાગત રૂપાંતર કરે છે. | * કુદરતી પ્રક્રિયા કે માનવશ્રમ દ્વારા સર્જન કરે છે. |
| * સ્પર્ધાત્મક પધ્ધતિ છે. | * સહયોગની પધ્ધતિ ઉત્તેજાય છે. |
| * આર્થિક શોષણ પાંગરે છે. | * આર્થિક સહકાર પાંગરે છે. |
| * સુવાંગ માલિકી પોષાય છે. | * સહીયારાનું માનસ પ્રેરાય છે. |
| * અસમાનતાસર્જક છે. | * સમાનતાસર્જક છે. |
| * શહેરીકરણ ઉત્તેજે છે. | * ગ્રામીણ સધ્ધરતા સર્જક છે. |
| * કેન્દ્રિકરણ સર્જે/ઉત્તેજે છે. | * વિકેન્દ્રિકરણ સર્જે/ઉત્તેજે છે. |
| * તજજ્ઞનો પ્રભાવ વધે છે. | * ''કામ સામે દામ'' યુક્ત શ્રમનો પ્રભાવ વધે છે. |
| * ઉર્જા વપરાય છે. | * ઉર્જા પેદા થાય છે. |
| * તુટ-ફુટ, ઘસારો, બદલાવ નડે છે. | * પારંપારિક સંવર્ધનનું સાતત્ય જળવાય છે. |
| * ભીડ, ઘોંઘાટ, ધુમાડાનો ભોગ બનાવે છે. | * મોકળાશ, સહવાસ અને શાંતિના લાભ મળે છે. |
| * ઉપદ્રવી કચરો કે આડપેદાશ થાય છે. | * ઉપયોગી આડપેદાશોનું ખાતર અને ઉર્જા મળે છે. |
| * યંત્રવત સંવેદનહિનતા સર્જાય છે. | * વાત્સલ્યયુક્ત સંવેદનશીલતા સર્જે છે. |
| * રોગસર્જક વાતાવરણ સર્જે છે. | * સ્વાસ્થ્યપોષક/સ્વાસ્થ્યવર્ધક અસર થાય છે. |
| * દોડધામ, તાણ અને તણાવ વધે છે. | * શાંતિદાયક કાર્યક્ષમતા ખીલે છે. |
| * પર્યાવરણ પ્રદુષિત કરે છે. | * પર્યાવરણનું રક્ષણ/ શુધ્ધિકરણ કરે છે. |
| * પેટી-પેક જંકફુડ પ્રસારે છે. | * પોષક શુધ્ધ ખાનપાન ઉપલબ્ધ બનાવે છે. |
| * પ્રાકૃતિક બાયોસાયકલની સમતુલા જોખમાય /ખોરવાય છે. | * પ્રાકૃતિક બાયોસાયકલ સાથે તાલમેલ જાળવી સમતુલા સાધે છે. |
| * યંત્રનો વિકાસ થાય છે. | * ગોવંશનો વિકાસ થાય છે. |
| * માલિકને લાભ થાય છે. | * માનવસમાજને લાભ થાય છે. |
| * સ્થુળ જથ્થાત્મક વિકાસ થાય છે. | * સુક્ષ્મ ગુણાત્મક વિકાસ થાય છે. |
| * વિદેશી હુંડીયામણ અને કરજની લાચારી સર્જાય છે. | * સ્થાનિક ચલણને મજબુત બનાવે તેવા સ્વાશ્રય અને ખુમારી સર્જાય છે. |
| * જંગલ અને ખાણો જેવા કુદરતી સ્રોતોનું નિકંદન નીકળે છે. | * તમામ કુદરતી સ્રોતોને બળવત્તર બનાવે છે. |
| * ટોચને તરબતર કરવાથી ઝમીને તળીયાને પોષણ આપવાનો દાવો થાય છે. | * મુળિયાને મજબુત બનાવીને ટોચ સુધી બધાને પુરસ્કૃત થાય તેવી પ્રક્રિયા પોષે છે. |
| * પ્રેરકબળ સિધ્ધિ અને સમૃધ્ધિ છે. | * પ્રેરકબળ સંવર્ધન અને જન-સુખાકારી છે. |

હરકોઈ વ્યાજબી વાત માટે અભણનું ઉં હું (નનૈયો) અને ભણેલાના ભ્રમ ફેરવવા માટે નક્કર નિદર્શન જ (ડેમોન્સ્ટ્રેશન) અક્સીર ઉપાય છે, ઉપરોક્ત મુલ્યાંકન કે સરખામણી માત્ર ભુમિકા બાંધી શકે.- **સૌ. વિનુભાઈ ગાંધીકૃત ગોવંશી વિકાસમાંથી સાભાર.**

## પરવરદિગાર દે !

**બસ એટલી સમજ મને પરવરદિગાર દે**
**સુખ જ્યારે જ્યાં મળે ત્યાં બધાના વિચાર દે**
**માંની લીધુ કે પ્રેમની કોઈ દવા નથી,**
**જીવનના દર્દની તો કોઈ સારવાર દે.**
**નવરાશ છે હવે જરા સરખામણી કરૂં,**
**કેવો હતો અસલ હું, મને એ ચિતાર દે.**
**દુનિયામાં કંઈકનો હું કરજદાર છું 'મરીઝ'**
**ચૂકવું બધાનું દેણ જો અલ્લાહ ઉધાર દે.**

**- 'મરીઝ'**

**કવિ અનિલ જોષીએ ફાંફાંનો ઈતિહાસ અને ભૂગોળ બંને સરસ રીતે આ કાવ્યમાં મૂક્યા છે :**
**હું તો અંધારે મોર બેઠી ભરવાં ને મોરલો અધૂરો રહ્યો.**
**નથી સોયમાંથી નીકળતો દોરો ... ને મોરલો ...**
**પડી દોરામાં થોકબંધ ગાંઠ્યું ... ને મોરલો ...**
**હું તો ગૂંચભર્યા દોરાનો ઢગલો ... ને મોરલો ..**
**બહાર ચોમાસું સાંકળ ખખડાવે ... ને મોરલો ..**
**કિયા દોરાથી ગહેંક મારે ભરવી ... ને મોરલો**
**બહાર સાંકળ ખખડાવનારો તે બીજો કોઈ નહી.**
**ખુદ યમરાજ... અનિલ જોષી, પ્રેષક અરૂણ ભટ્ટ.**

# આ પોપટરાવ પવાર કોણ ?
# 'સ્માર્ટ વીલેજ' ના સર્જક

અમને આમિર ખાનની જરૂર નથી, પોપટરાવ પવાર છે. આ શબ્દો મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસના છે. રાજ્યને દુષ્કાળમુક્ત કરવા માટેની 'જલયુક્ત શિવાર અભિયાન' નામક યોજનાના બ્રાન્ડ એમ્બેસેડર તરીકે બોલીવૂડના બાબા આમિરને પસંદ કરવાની ચર્ચા વચ્ચે કળશ ઢોળાયો પોપટરાવ પવાર અને ડૉ. અવિનાશ પોપટના નામ પર. બહુ ઓછા આ સજ્જનને ઓળખતા હશે, આજે જાણીએ કે દૂર નાનકડા ગામમાં, પ્રચાર માધ્યમથી દૂર રહીને, કેવા મોટાં અને મહત્ત્વનાં કામ સિદ્ધ થતાં હોય છે.

આ પોપટરાવ બાગુજી પવાર જાદુગર છે. સૌને સાથે રાખીને એવા ચમત્કાર કરી બતાવ્યા છે કે દુનિયા દંગ રહી ગઈ. એવું તો શું કરી બતાવ્યું આ માણસે ?

પોપટરાવના ગામનું નામ હિવરે બાજાર અહમદનગર જિલ્લાનું સાવ નાનકડું ગામ. વસતિ ૧૪૦૦ માણસોની વીસેક વર્ષ અગાઉ ગામમાં દારૂની અનેક ભઠ્ઠી આજુબાજુના ગામોને પણ દારૂનો પુરવઠો પૂરો પાડે. ક્યારેક પોલીસ અધિકારીઓને દંડાત્મક બદલી માટે હિવરે બાજાર મોકલાતા હતા. અમુક ગ્રામજનોના કાને શિક્ષણ, આરોગ્ય, સ્વચ્છતા અને આર્થિક સ્વાવલંબન જેવા શબ્દો પડ્યા હશે. ગામમાં વરસ આખામાં ૧૦૦ મિલિમીટર પાણી વરસે. હિવરે બાજાર માટે દુષ્કાળની નવાઈ નહિ. ૧૯૭૨ માં ભયંકર દુષ્કાળને લીધે ગામમાંથી મોટા પ્રમાણમાં હિજરત થઈ હતી. ગામના પહેલા પોસ્ટ ગ્રેજ્યુએટ થયેલા પોપટરાવે ૧૯૮૯માં ગ્રામ પંચાયતના સરપંચની ચૂંટણીમાં ઝંપલાવ્યું અને જીતી ગયા. આ સાથે તેમણે સપાટો બોલાવી દીધો. દેશી દારૂની ૨૧ દુકાનોને તાળાં લગાવડાવી દીધા, રેઈનવોટર હાર્વેસ્ટિંગ શરૂ કરાવ્યું. ખેડૂતો માટે બેન્ક લોન મેળવવાનું શરૂ કર્યું. આ ઉપરાંત વોટર કન્ઝર્વેશન એન્ડ મેનેજમેન્ટ પ્રોગ્રામ શરૂ કર્યા, જેમાં માટીના બાવન બાંધ બાંધવા, પત્થરના બત્રીસ બાંધ બાંધવા, નવ ચેક ડેમ બાંધવા અને ટાંકા ખોદાવવાની શરૂઆત કરી દીધી.

૩૫ કિમી. દૂર આવેલા અણ્ણા હઝારેના રાલેગણ સિધ્ધિ ગામને આદર્શ માનીને પોપટરાવ આગળ વધવા માગતા હતા. ગાંધીજીની કલ્પનાના ગ્રામને મૂર્તિમંત કરવી હતી. હિવરે બજારની શિકલ બદલાવાની શરૂઆત થઈ અને સાથે જ ઉલટી હિજરત શરૂ થઈ ગઈ.

વીસ વર્ષમાં તો હિવરે બજારની પૂરેપૂરી કાયાકલ્પ થઈ ગઈ. ૧૯૯૫માં ગામની માસિક માથાદીઠ આવક રૂ.૮૩૦ હતી, તે ૨૦૧૨ માં રૂ.૩૦,૦૦૦ થઈ ગઈ ૬૦ થી વધુ જણ મિલિયોનર થઈ ગયા. યસ, માથાદીઠ વાર્ષિક આવક રૂપિયા દસ લાખ.

ઝળહળતા પરિવર્તનના કારણો ક્યાં? પોપટરાવ પોતાની સરપંચની સત્તા સાથે ગ્રામ-કલ્યાણની ભાવનાને અગ્રેસર રાખી. એકેય ઉમરવાન માણસ બેરોજગાર નહિ. મહિલાઓ વ્યવસાય-ધંધામાં સક્રિય થઈ ગઈ. પહાડ પર પડતું વરસાદનું પાણી વેડફાય નહિ પણ જમીનમાં ઊતરીને સચવાઈ રહે એવી વ્યવસ્થા કરી. એક સમયે દારૂનાં ભઠ્ઠાથી ધમધમતા ગામમાં હવે દારૂ તો છોડો, સિગારેટ, બીડી, તમાકુ કે ગુટખાના બંધાણી ન દેખાય કારણકે વેચાણ જ બંધ થઈ ગયું સંપૂર્ણ નશાબંધી.

ગામનો દેખાવ મોટી ફિલ્મના સુંદર સેટ જેવો થઈ ગયો. દરેક ઘરનો એક સરખો રંગ એના ઉપર સુંદર અક્ષરમાં માલિકનું નામ. મહિલાઓને રાંધવા માટે લાકડા-કોલસા સળગાવવામાંથી છુટકારો મળ્યો અને બાયોગેસ મળી ગયો. ગામમાં બધે પાકા રસ્તા ગામમાં સરસ શાળા બની એક ભીંત પર શાળાનો નકશો. મોટું પટાંગણ અને મંચ. ભીંત પર ચિત્રો, માહિતી અને સુવિચારો. અંદર રસોઈ ઘર, જેમાં વિદ્યાર્થીઓ માટે બનનારી વાનગીઓ સોમવારે જ બોર્ડ પર મૂકી દેવાય. છોકરા-છોકરીઓ માટે અલાયદા શૌચાલય, જેના દરવાજા પર પ્રેમપૂર્વકનો સવાલ હોયઃ 'પાણી નાખ્યું ને?' અપંગ વિદ્યાર્થી માટે ખાસ સવલતવાળા શૌચાલય. દરેક વર્ગમાં પંચાયત તરફથી અપાયેલી કિટમાં તેલ, સાબુ, નેઈલ કટર હોય. શાળાનું પરિણામ ૧૦૦ ટકા. આખે આખું ગામ સાક્ષર.

ખોટા અને બિન-જરૂરી ખર્ચા અને દેખાદેખી ટાળવા માટે ગામમાં એક સાર્વજનિક ગણપતિ જ લાવવામાં આવે. ગામની જમીન બહારવાળાને વેચવાની મનાઈ. વેચાવા માટે કઢાયેલી જમીન એકલો ગામવાસી ન ખરીદી શકે, તો ચાર-પાંચ ખેડૂતો હાથ મિલાવે ખેતી માટે પાણી અનિવાર્ય હોવાથી સ્પેશિયલ વૉટર બજેટ બનાવાયું આની વિગતો જાણવા જેવી છે. ૧૦૦ મિ.મી. વરસાદથી પીવાનું પાણી મળી રહે, ૨૦૦ મિ.મી. એક ખરીફ પાક શક્ય બને, ૩૦૦ મિ.મી. થી ખરીફ સાથે રવિ પાક લઈ શકાય, ૪૦૦ મિ.મી. વરસાદથી મે-જૂનના સૂકા દિવસોમાં શાકભાજી ઉગાવી શકાય.

આ વૉટર બજેટિંગ સાથે નક્કી થયું કે ક્યા પાક લેવા? વધુ પાણી માગતા શેરડી અને કેળાના પાક લેવા પર પ્રતિબંધ. પાણીના મહત્ત્વને સમજવા-સમજાવવા માટે પ્રાથમિક શાળામાં જ વૉટર લિટરસી ભણાવવા પર ભાર મુકાય છે. પાણીના ઉપયોગ અંગેના નિયમોના આકરા પાલન માટે પંચાયત એકદમ કટિબદ્ધ, સક્રિય અને ગંભીર. પરિણામ સ્વરૂપે ગયા વર્ષે ગામમાં ૧.૪૭ કરોડ લીટર પાણીની બચત થઈ. ૨૭૩ કૂવામાં બારેય માસ પાણી-દર્શન થાય. ભૂગર્ભમાં જળ-સપાટી ઊંચી આવી.

ગામમાં સમ ખાવા પૂરતું એકેય દવાખાનું નથી. વચ્ચે એક ડૉક્ટરે દુઃસાહસ કર્યું પણ દર્દીની રાહ જોતા જોતા થાકીને જતો રહ્યો. લગ્ન અગાઉ નવદંપતીના એચ.આઈ.વી. પરીક્ષણ કરાવવાનું ફરજિયાત.

જિલ્લા, રાજ્ય અને રાષ્ટ્રીય સ્તરે અનેક અનેક એવૉર્ડ જીતનારા હિવરે બાજાર ગામમાં સાચી અને સંપૂર્ણ લોકશાહી છે.

આવી અપ્રતિમ અને અનુકરણીય સિદ્ધિ થકી ગ્રામ-કલ્યાણ સાધનારા આ માણસના મંત્રો ખૂબ સાદા અને સમજવા જેવા છે. પ્રજા સત્તાને લાયક છે, જળથી ગામ સમૃદ્ધ થાય, શિક્ષણ એ મૂડીરોકાણ છે, વધુ રોજગાર ઊભા કરવાથી, ગરીબી ઘટે અશક્ય માટે ઝઝૂમો અને પ્રભાવનો પસાર કરો.

રાતોરાત પોપટરાવ પવાર બનાતું નથી. સાથીઓને સાથે રાખીને આકરો સંઘર્ષ કરવો પડે છે. ભારતને હજી આવા કરોડો પોપટરાવ પવારની તાકીદની જરૂર છે.

આવા પોપટરાવ પવાર ખૂણેખાંચરે ચૂપચાપ કામ કર્યે જાય છે, તેમને કોઈની અસહિષ્ણુતા વર્તાતી નથી કે એનો ડર સુધ્ધાં લાગતો નથી એ તો જન-કલ્યાણના દંગલમાં લડતા જાય, ને જીતતા જાય છે.

**- પ્રફુલ શાહ, સૌ. મુંબઈ સમાચાર.**

## કયે અખાડે જશું ?

માએ કહ્યું, ''ભાઈ, તારી પથારી ઉપાડી લેજે હો!'' ''ના કામવાળી પાસે ઉપડાવી લેજો-મારે વ્યાયામશાળાએ જવાનું મોડું થાય છે!'' ''બહેને વિનવ્યું, ભાઈ કૂવે આવીને મને પાણી ભરી દેને, મારાથી ડોલ ખેંચાતી નથી.'' ''ના મારે વ્યાયામ કરવા જવાનું છે.''

બાપાએ કહ્યું ''તારી બા માંદી છે; તું વાડીએ કપડાં ધોતો આવીશ?'' ''ના, મારે જવું છે અખાડે!'' કામવાળી આજે આવી નથી. વાસણ-સંજવારી રઝળે છે. ઘેર પાંચ મહેમાન છે. બા-બહેન રસોઈપાણીમાં પડ્યાં છે.

પણ વ્યાયામ કરીને આવેલો ભાઈ હાથમાં સાવરણી લેતાં શરમાય છે. એઠાં વાસણની તો સામે પણ જોતો નથી. એ કામ તો બૈરાંનું! દસ-દસ શેરિયાં મગદળ ફેરવીને મલ્લ થયેલો ભાઈ અખાડેથી આવ્યો છે. બાપુ કહે છે, ''બજારમાંથી અધમણ ઘઉં લઈ આવીશ'', ભાઈ ઘઉં ખરીદીને બજારમાં બૂમ પાડે છે, ''એઈ મજૂર! ચાર પૈસા લેજે, આ ઘઉં ઘેર નાંખી આવ.''

ભાઈને ઘરનાં ઘઉં ઉપાડતાં શરમ આવે છે. ....ભાઈ વ્યાયામવીર છે! ભાઈ-ભાભી મુંબઈ જાય છે. સ્ટેશને પોતાની પત્નીની ટ્રંક ઊંચકતાં એને ભોંઠામણ આવે છે. ભાભીની કાખે છોકરું છે. તે ઉપરાંત ટ્રંક પણ એ પત્નીને માથે મેલે છે. ....ભાઈ અખાડિયન છે! અખાડાના ભાઈબંધો ભેળો ભાઈ ઊપડે છે પ્રવાસે - તળાજે, શેત્રંજે, ઘેલા સોમનાથ. નાનાં ભાંડરડાં કહે છે, ''ભાઈ, કોઈક વાર અમને સાંઢગર સુધી તો ફરવા તેડી જાવ. કો'ક દી હરણકુઈ તો બતાવો... કો'ક વાર સ્ટેશને એન્જિન જોવા તો લઈ જાવ!''

''એ મારું કામ નથી.'' ....ભાઈ અખાડાવીર છે! અખાડા આપણે ત્યાં ચાલે છે, વ્યાયામવીરો પાકે છે, શરીરને ટેડાં રાખીને ઘણા ચાલે છે. પણ ઘરનાં કામ કડવાં લાગે છે. દળણું, સંજવારી ને પાણી ભરવું - એવાં સાચા આરોગ્યદાયી અને શરીરને સુંદર સુડોલ બનાવનારાં જરૂરી ઘરકામો એ ભાઈઓ કરતા નથી. એટલું જ નહીં, પણ હલકાં ગણે છે. પોતાની જનેતા કરે તે કામ હલકાં!

સ્ત્રીઓનો પક્ષ લેવાય છે - પણ તે તો ચર્ચામાં, શબ્દના વિવાદમાં. પરંતુ રોજિંદા ગૃહજીવનમાં સ્ત્રીને આપણે કેટલી હલકી ગણી છે! શારીરિક કામ - તે તો સ્ત્રીનું! પુરુષ એ કરે તો બાયલો ઠરે. વાળવાથી ને વાસણ માંજવાથી લઈ રાંધવા અને પથારી પાથરવા સુધીનાં તમામ કામોમાં સ્ત્રી-પુરુષના ભેદો છે, ત્યાં સુધી સ્ત્રીનું પદ ઊતરતું જ છે. ત્યાં સુધી વ્યાયામશાળાની સાર્થકતા નથી. સાચો વ્યાયામ તો સવારથી સાંજ સુધીનાં ઘરકામોમાં છલોછલ પડ્યો છે. સાચો અખાડો કુટુંબનું શ્રમજીવન છે. અખાડે જઈને દંડ પીલો છો - તો ઘરની સંજવારી પણ કાઢો; બેઠક કરો છો- તો ઘરની રસોઈમાં પણ મદદ કરો! અખાડાનો વ્યાયામ શરીરને ઘડે છે. ઘરનો વ્યાયામ શરીરને ઘડવા ઉપરાંત પણ સાર્થક બને છે. અખાડાની કોઈ પણ કસરતને ટક્કર મારે તેવી કસરતો દળવાની ને પાણી સીંચવાની, કપડાં ધોવાની ને દાળ ખાંડવાની છે. શરીરને ઘડે, સ્વજનોને રાહત આપે, ગૃહને સુંદર બનાવે ને પૈસાનો દુર્વ્યય બચાવે, એવો ગૃહવ્યાયામ એ સર્વોપરી વ્યાયામ છે.

ગૃહજીવનને અખાડે પૂર્ણ સ્વગૌરવ, સંપૂર્ણ સ્વતંત્રતા અને પરમ શાંતિ. પસંદગી પોતે જ કરી લેજો!

**- ઝવેરચંદ મેઘાણી, અરધી સદીની વાંચન યાત્રામાંથી સાભાર.**

## ઈ-મેઈલના યુગને સાદર અર્પણ

આજે ઈન્ટરનેટની બોલબાલા છે. પશ્ચિમના દેશોમાં તો હવે બધો વ્યવહાર ઈ-મેઈલ થકી જ થાય છે. ભારતમાંય આ ઈન્ટરનેટિયું કલ્ચર વિકસી ગયું છે. પણ ઈન્ટરનેટ ઈ-મેઈલા હઠાગ્રહીઓ માટે એક કિસ્સો અહીં સાદર રજુ કર્યો છે.

એક બેરોજગાર યુવાન એક સોફ્ટવેર કંપનીમાં ઓફિસ બોયની નોકરી માટે ગયો. એચ.આર. મેનેજરે એનો ઈન્ટરવ્યુ લીધો. એની પાસે સાફ-સફાઈ કરાવી અને કહ્યું. બરાબર છે. તું ઓફિસ બોય માટે યોગ્ય છે પછી એણે કહ્યું તારૂં ઈ-મેઈલ એડ્રેસ આપ એટલે તને અરજી મોકલું એ તું ભરી દે જે અને તારે નોકરી પર ક્યારે આવવાનું એની સુચના મળી જશે.

પેલા છોકરાએ કહ્યું મારી પાસે ઈ-મેઈલ નથી. મેનેજરે કહ્યું તારી પાસે ઈ-મેઈલ નથી? ઈ-મેઈલ ન હોય એ જીવિત ન ગણાય એટલે તને આ નોકરી ન જ મળે. છોકરો નિરાશ થઈને ચાલતો થયો. એની પાસે ખિસ્સામાં રોકડા ૧૦ ડોલર હતા. એણે થોડો વિચાર કરી નિર્ણય લીધો. સુપર માર્કેટમાં જઈ એક સુંડલો ટામેટા ખરીધા અને ઘેર ઘેર જઈને વેચ્યાં. બે જ કલાકમાં એણે એની મુડી બેવડી થતી જોઈ. પછી તો એણે એ સિલસિલો આગળ વધાર્યો. સાંજે ઘર ગયો ત્યારે એના ખિસ્સામાં ૬૦ ડોલર હતા.

છોકરાને થયું કે, આ રીતે તો આગળ વધી શકાય. રોજ વહેલી સવારે એ નીકળે, સાંજે મોડો પાછો ફરે આમ કરતાં એના નાણાં રોજ બમણાં કે ત્રણ ગણા થવા લાગ્યા. પછી એણે એક ગાડુ લીધું પછી ટ્રક અને પછી ડિલીવરી વાહનોની કતાર લાગ ગઈ. પાંચ વર્ષ તો અમેરિકાના સૌથી મોટા ફ્રુટ રિટેઈલરની હરોળમાં આવી ગયો.

હવે આ યુવાને પોતાના પરિવારના ભવિષ્ય માટે આયોજન શરૂ કર્યું. એણે જીવન વીમો લેવાનું નક્કી કર્યું. એણે એક વીમા એજન્ટને બોલાવ્યો. એક પ્લાન પસંદ કર્યો. વાતચીતના અંતે વીમા એજન્ટે પૂછ્યું કે તમારૂં ઈ-મેઈલ એડ્રેસ.. યુવાને કહ્યું મારી પાસે ઈ-મેઈલ નથી. એજન્ટ તો સ્તબ્ધ રહી ગયો. કહે શું તમારી પાસે ઈ-મેઈલ નથી અને છતાં તમે આવડું મોટું એમ્પાયર સર્જ્યું? તમે કલ્પી શકો છો કે તમારી પાસે ઈ-મેઈલ હોત તો શું થઈ શક્યું હોત? યુવાને જવાબ આપ્યો, હા તો હું એક સોફ્ટવેર કંપનીનો ઓફિસ બોય જ રહ્યો હોત!

મોરલ ઓફ ધી સ્ટોરી એ છે કે ઈન્ટરનેટ તમારા જીવનનો ઉપાય નથી જો તમારી પાસે ઈન્ટરનેટ ન હોય અને તમે સખત મહેનત કરો તો તમે લખોપતિ-કરોડપતિ થઈ શકો. તમારી આસપાસ નજર દોડાવશો તો આવા અનેક દાખલાઓ તમને જોવા મળશે. એટલે ઈ-મેઈલ હોય તો ઠીક ન હોય તો ચિંતા ન કરશો. તમારે માત્ર મહેનત કરવાની છે અને ઈ-મેઈલ હોય તો એ બંધ કરીને ટમેટા વેચવા જવાની ય જરૂરિયાત નથી. સફળતા મેળવવાનો એ એક માત્ર રસ્તો નથી.

**આજનો SMS : સફળતાની ચાવી કઈ એ હું જાણતો નથી પણ બધાને ખુશ રાખવાના પ્રયત્નો નિષ્ફળતાની ચાવી જરૂર છે. - કૌશિક મહેતા.**

# સિક્કિમ કેવી રીતે ભારતનું સર્વપ્રથમ ઓર્ગેનિક સ્ટેટ બન્યું ?

ભારતમાં હરિયાળી ક્રાંતિનો પ્રારંભ થયો તે પહેલા ભારતના તમામ ખેડૂતો રાસાયણિક ખાતરો અને જંતુનાશક દવાઓ વિના ઓર્ગેનિક ખેતી કરતા હતા અને મબલખ પાક લણતા હતા. ખેતીમાં હાનિકારક રસાયણો ન હોવાને કારણે ભારતની પ્રજા તંદુરસ્ત રહેતી હતી. કેન્સર અને ટી.બી. જેવી જીવલેણ બીમારીઓ જોવા મળતી નહોતી. વધુ પાક લેવાની લાહ્યમાં ભારતના ખેડૂતો જ્યારથી ઝેરી રસાયણોનો ઉપયોગ કરવા લાગ્યા ત્યારથી પ્રજાનું અને જમીનનું આરોગ્ય પણ કથળ્યું છે. ખેડૂતો દેવાદાર બન્યા છે અને આપઘાત કરવા લાગ્યા છે. આ વિટંબણામાંથી બહાર આવવું હોય તો તેનો શ્રેષ્ઠ માર્ગ ઓર્ગેનિક ફાર્મિંગ તરફ પાછા ફરવું તે છે. યુરોપ અને અમેરિકાના દેશોમાં આજે ઓર્ગેનિક ફાર્મિંગ દ્વારા પેદા કરાયેલા અનાજ, કઠોળ, ફળો અને શાકભાજીની ભારે ડિમાન્ડ છે. ભારતના ખેડૂતોને હજુ વિશ્વાસ નથી બેસતો કે ઓર્ગેનિક ફાર્મિંગ ફાયદાકારક બની શકે છે. આ બાબતમાં ઉદાહરણ ભારતના છેવાડાનાં રાજ્ય સિક્કિમે પૂરું પાડ્યું છે. આ જાન્યુઆરી મહિનામાં સિક્કિમ ભારતનું સર્વપ્રથમ ઓર્ગેનિક સ્ટેટ બન્યું છે, જ્યાં તમામ જમીન પર રાસાયણિક ખાતરો અને જંતુનાશક દવાઓનો બહિષ્કાર કરવામાં આવ્યો છે, એટલું જ નહીં જે ખેડૂતો ઝેરી રસાયણોનો ઉપયોગ કરે તેમના માટે જેલની સજાની અને દંડની જોગવાઈ પણ કાયદામાં કરવામાં આવી છે.

સિક્કિમ રાજ્ય ચારે બાજુ પહાડોથી ઘેરાયેલું છે. તેની વસતિ માત્ર ૬ લાખની છે. સિક્કિમ તેનાં ફૂલો, ફળો અને શાકભાજી માટે જાણીતું છે. સિક્કિમમાં પરંપરાગત ખેતી છાણિયા ખાતરથી જ થતી હતી, પણ હરિયાળી ક્રાંતિની અસર હેઠળ કેટલાક ખેડૂતો કેમિકલ ફાર્મિંગ તરફ વળ્યા હતા. સિક્કિમની સરકારને ખ્યાલ આવ્યો કે ખેતીમાં ઝેરી રસાયણોના ઉપયોગને કારણે પીવાનું પાણી પણ પ્રદુષિત થઈ રહ્યું છે અને આરોગ્ય કથળી રહ્યું છે ત્યારે તેને ઓર્ગેનિક ફાર્મિંગનો વિચાર સૂઝ્યો.

ઈ.સ. ૨૦૦૩માં સિક્કિમના મુખ્ય પ્રધાન પવન ચામલિંગે વિધાનસભામાં રાજ્યને સંપૂર્ણપણે ઓર્ગેનિક સ્ટેટ બનાવવાનો વિચાર વહેતો મૂક્યો અને પ્રજાએ તેને વધાવી લીધો. તે સમયે રાજ્યની આશરે ૭૫,૦૦૦ હેક્ટર જમીનમાં કેમિકલ ફાર્મિંગ કરવામાં આવતું હતું. રાજ્ય સરકારે નેશનલ પ્રોગ્રામ ફોર ઓર્ગેનિક પ્રોડક્શન જેવી સંસ્થાની મદદથી ખેડૂતોને સમજાવીને તેમને ઓર્ગેનિક ફાર્મિંગ તરફ વાળવાનું શરૂ કર્યું. સિક્કિમ રાજ્યનાં પાઠ્યપુસ્તકોમાં બાળકોને ઓર્ગેનિક ફાર્મિંગના ફાયદા સમજાવવા પાઠો દાખલ કરવામાં આવ્યા. પ્રારંભમાં ઘણા ખેડૂતોએ. તેનો વિરોધ કર્યો, પણ તેમને જ્યારે સમજાયું કે ઓર્ગેનિક ફાર્મિંગને કારણે ખર્ચમાં ઘટાડો થાય છે ત્યારે તેઓ આપમેળે તેના તરફ વળવા લાગ્યા. આજે સિક્કિમના બધા ખેડૂતો ઓર્ગેનિક ફાર્મર બની ગયા છે. સિક્કિમના મુખ્ય પાકો ડાંગર, મકાઈ, તજ, આદું, હળદર, કિવી ફળ, શાકભાજી અને ફળો છે. ભારતમાં ૧૨.૪ લાખ ટન જેટલા ઓર્ગેનિક પાકોનું ઉત્પાદન કરવામાં આવે છે, તેમાં નાનકડાં સિક્કિમ રાજ્યનો ફાળો ૮૦,૦૦૦ ટન જેટલો છે. સિક્કિમની ખ્યાતિ ઓર્ગેનિક સ્ટેટ તરીકે ફેલાઈ જતાં ત્યાં આવતા સહેલાણીઓની સંખ્યામાં પણ વધારો થવાની સંભાવના છે. સિક્કિમમાં જે ઓર્ગેનિક ચીજવસ્તુઓ પેદા કરવામાં આવે છે તેના લેબલિંગ માટેની તૈયારી પણ ચાલી રહી છે. અમેરિકામાં કેલિફોર્નિયા, વિસ્કોન્સિન વગેરે રાજ્યો ઓર્ગેનિક સ્ટેટ તરીકે વિખ્યાત છે. સિક્કિમ ભારતનું સર્વપ્રથમ ઓર્ગેનિક સ્ટેટ બન્યું તે પછી મેઘાલય, કેરળ અને અરૂણાચલ પ્રદેશ પણ ઓર્ગેનિક સ્ટેટ બનવાની લાઈનમાં છે. ગુજરાતનાં મુખ્યમંત્રી આનંદીબહેન પટેલ જો નક્કી કરે તો સિક્કિમની જેમ એક દાયકામાં ગુજરાતને પણ ઓર્ગેનિક સ્ટેટ બનાવી શકે તેમ છે.

ઈ.સ. ૨૦૧૧માં કેરળમાં એન્ડોસલ્ફન નામના જંતુનાશક ઝેરને કારણે ૧૫૦ લોકો મગજના તાવનો શિકાર બન્યા તે પછી સુપ્રીમ કોર્ટે એન્ડોસલ્ફનના ઉત્પાદન અને વેચાણ પર પ્રતિબંધ મૂકી દીધો હતો. વૈજ્ઞાનિક પરીક્ષણોમાં પીવાનાં પાણીમાં, અનાજમાં, કઠોળમાં અને માતાના દૂધમાં પણ જંતુનાશકો જોવા મળ્યા હતા. બનારસ હિન્દૂ યુનિવર્સિટીના અહેવાલ મુજબ જે ખેડૂતો ઓર્ગેનિક ફાર્મિંગ અપનાવે તેમના ઉત્પાદનમાં ૧૦ થી ૧૫ ટકાનો ઘટાડો જોવા મળે છે. પણ ખર્ચમાં ૩૦ થી ૩૫ ટકાનો ઘટાડો થતો હોવાથી સરવાળે તેમને ફાયદો થાય છે. વળી ઓર્ગેનિક પેદાશના ભાવો પણ વધુ ઊપજે છે. છેલ્લાં ૧૫ વર્ષમાં સિક્કિમ ધીમી પણ મક્કમ ગતિએ ઓર્ગેનિક સ્ટેટ બનવા તરફ આગળ વધ્યું છે. ઈ.સ. ૨૦૦૧ની સાલમાં સિક્કિમના ખેડૂતો વર્ષે ૩,૦૦૦ ટન જંતુનાશક દવાઓનો ઉપયોગ કરતા હતા. સિક્કિમની પ્રત્યેક એક હેક્ટર જમીનદીઠ ૫.૮ કિલોગ્રામ જંતુનાશકોનો ઉપયોગ કરવામાં આવતો હતો. સિક્કિમની સરકારે ઈ.સ. ૨૦૦૬-૨૦૦૭ની સાલથી રાસાયણિક ખાતરોની ખરીદી પર આપવામાં આવતી સબસિડી બિલકુલ બંધ કરી દીધી હતી. રાસાયણિક ખાતર મોંઘું પડતું હોવાથી ખેડૂતો પોતાની મેળે જૈવિક ખાતર તરફ વળવા લાગ્યા હતા.

સિક્કિમના ખેડૂતોને ઓર્ગેનિક ફાર્મિંગ તરફ વાળવા રાજ્ય સરકાર દ્વારા ખેતરોમાં માટીનાં પોષક ઘટકો બાબતમાં સેમિનારો યોજવામાં આવ્યા હતા. રાસાયણિક ખાતરો પાછળ ખર્ચા કરવાને બદલે ખેતીવાડીમાં નીકળતા નકામા પદાર્થોને સડાવીને કેવી રીતે તેમાંથી જૈવિક ખાતર બનાવવું તેની પ્રત્યક્ષ તાલીમ ખેડૂતોને આપવામાં આવતી હતી. સરકાર દ્વારા દરેક ગામમાં વર્મીકમ્પોસ્ટ માટેના ખાડાઓ તૈયાર કરી આપવામાં આવ્યા હતા, જેમાં ખેડૂતો જૈવિક ખાતર બનાવતા થયા હતા. જો ઓર્ગેનિક ફર્મિંગનો પૂરેપૂરો લાભ ઉઠાવવો હોય તો દેશી ખાતર અને વનસ્પતિજન્ય જંતુનાશકો ઉપરાંત દેશી બિયારણની પણ આવશ્યકતા હતી. સિક્કિમની સરકારે દેશી બિયારણોનું ઉત્પાદન કરવા માટે કેન્દ્રો બનાવ્યાં હતાં અને ખેડૂતોને મફત દેશી બિયારણ આપ્યું હતું. ખેતીમાં રાસાયણિક ખાતરો અને જંતુનાશક દવાઓના બેફામ ઉપયોગને કારણે કેટલાક ઉપયોગી જંતુઓ અને પક્ષીઓ પણ નાશ પામવાની કગાર પર પહોંચી ગયા હતા, જેને કારણે વસંત ઋતુમાં પણ પક્ષીઓનો કલરવ સાંભળવા મળતો નહોતો. સિક્કિમના ખેડૂતોએ ઝેરી કેમિકલ્સનો વપરાશ બંધ કર્યો ત્યારથી પક્ષીઓ ખેતરમાં પાછા ફર્યા છે અને તેમનો કલરવ સંભળાઈ રહ્યો છે. સિક્કિમના ખેડૂતો જે ક્રાંતિ કરી શક્યા તે ભારતના તમામ ખેડૂતો પણ કરી શકે તેમ છે. – **સ્પોટ લાઈટ, સંજય વોરા, સૌ. મુંબઈ સમાચાર.**

## મહાજન ગૌશાળા
## ઘોઘા જકાત નાકા પાસે, ભાવનગર
## ગોમૂત્ર અર્કના ચમત્કારિક પરિણામો

૧. મને ૨૦૧૦માં જડબાનું કેન્સર થયેલ. બે વરસ સારવાર લીધેલ. થોડો ફાયદો થયેલ. પણ અઢી વરસથી અર્ક લઉં છું. કોગળા કરું છું શરીરે માલીશ કરું છું. મારું મોઢું ખૂલતુ ન હતું તે ખુલવામાં આવેલ છે. હવે ગળામાં ગલાફોમાં કોઈ તકલીફ નથી અને અર્ક લેવાથી ઘણોજ ફાયદો થાય છે. મારા મત મુજબ જેને કેન્સરની અસર થઈ હોય તેમણે શરૂઆતથી અર્ક લેવાની શરૂઆત કરવાથી ઘણોજ ફાયદો થાય તેમ છે. **જીતેન્દ્ર મોહનલાલ, ઉ.વ.૭૫, ભાવનગર, મોનં.૯૪૨૮૭૮૫૫૪૦**

૨. મને ત્રણ વરસ પહેલા વાંસામાં દુઃખાવો તથા ચાલવામાં થાક લાગતો. દવાથી થોડો સમય સારું રહેતું પણ મુકુંદદાદાની સુચના મુજબ અર્ક પીવાથી અને માલીશ કરવાથી તથા જરૂર પડ્યે સુંઠ નાખી ઉકાળી લેપ કરવાથી દુઃખાવો બિલ્કુલ મટી ગયો છે અને ચાલવામાં પણ તકલીફ નથી પડતી અર્ક ૧ ભાગ અને ડીસ્ટીલ્ડ વોટર ૪ ભાગ મેળવી આંખમાં ટીપા નાખુ છું તેથી સારું રહે છે. **ઉષાબેન નરેન્દ્રભાઈ વેલાણી, ઉ.વ.૫૧, મો.૯૪૨૮૭૮૬૫૧૭**

૩. મને ૪ માસ પહેલા પેડુમાં ગાંઠ થયેલ. ડોક્ટરનું નિદાન કરાવતા કેન્સર જણાવેલ. થોડા ડોઝ ચાલુ કરેલ. મને અર્કની જાણ થતા તે મેં ૧ મહિનાથી ચાલુ કરેલ છે અને મને ઘણોજ ફાયદો થયેલ છે. **વિજયભાઈ અમૃતલાલ, ઉ.વ.૩૨, મો.૭૫૬૭૦૧૩૦૦૬.**

૪. મારી બાને ૪૦ વરસથી માથાનો દુઃખાવો હતો, લો બી.પી. બંને ઢાંકણી ફેલ થયેલ. ઢાંકણી બદલાવી પડે તેમ હતી પણ બદલાવી નહોતી. મુકુંદદાદાની સલાહથી અર્ક પીવાનું તથા માલીશ કરવાનું ચાલુ કરેલ. ઉપરની બધીજ તકલીફ મટી ગયેલ છે. **ગીરજાબેન કેશવલાલ ડોડિયા, ઉ.વ.૮૪, અશ્વીન ડોડિયા, મો.નં.૬૪૨૭૬૪૯૫૯૩.**

૫. ૨૦૧૧માં કેન્સરના ઑપરેશન પછી ત્રણ વરસથી અર્ક પીઉં છું. કોઈપણ પ્રકારની દવા લેતો નથી. હું અત્યારે સાવ નિરોગી છું. **શરદભાઈ ભીમજીભાઈ, ઉ.વ.૪૦, મો.૯૮૯૮૯૧૦૩૮૬.**

**મુંબઈમાં ગોમૂત્ર અર્ક મેળવવા-સંપર્ક**
**રમેશભાઈ દોશી, મલાડ, ૯૪૨૭૬૬૩૪૭૩**
**શાંતીલાલ ગાલા, સાંતાક્રુઝ (પૂર્વ) ૯૮૩૩૫૯૩૩૫૧**

**<u>નોંધ:</u> આ ૧૫ મો અંક છે. જેનુ લવાજમ પુરુ થતુ હોય એમણે પોતાની જવાબદારીએ બેન્કના ખાતામાં લવાજમ ભરી ઈ-મેલ/ SMS થી જણાવવા વિનંતિ. વ્યક્તિગત કોઈને લવાજમ બદલ રીમાઈન્ડર મોકલતા નથી. જેમને અંક ન જોઈતો હોય તેઓ પણ ઈ-મેલ/ફોન/ SMS થી જણાવે.**


## ગોરક્ષા પાત્ર ની માલિકી તથા માહિતી અંગેનું નિવેદન

**ફોર્મ-૪** (જુઓ નિયમ-૮)

**ગોરક્ષા પાત્ર**

| | | |
|---|---|---|
| ૧. પ્રસિદ્ધિ સ્થાન | : | બી/૬૦૧, નંદનવન કો.ઓ.હા.સો.લિ. નરસિંગ લેન, ડી.એસ. નગર, મલાડ (પશ્ચિમ), મુંબઈ-૪૦૦ ૦૬૪. |
| ૨. પ્રસિદ્ધિનો ગાળો | : | માસિક. દર ૫ કે ૬ તારીખે |
| ૩. મુદ્રકનું નામ | : | રમેશ એસ. દોશી |
| રાષ્ટ્રીયતા | : | ભારતીય |
| સરનામુ | : | બી/૬૦૧, નંદનવન કો.ઓ.હા.સો.લિ. નરસિંગ લેન, ડી.એસ. નગર, મલાડ (પશ્ચિમ), મુંબઈ-૪૦૦ ૦૬૪. |
| ૪. મુદ્રણ સ્થાન | : | ગોગરી ઓફસેટ, વાગરી પાડા, એ.કે. રોડ, અંધેરી (ઈ) મુંબઈ - ૪૦૦ ૦૬૯. |
| ૫. તંત્રીનું નામ | : | રમેશ એસ. દોશી |
| રાષ્ટ્રીયતા | : | ભારતીય |
| સરનામુ | : | બી/૬૦૧, નંદનવન કો.ઓ.હા.સો.લિ. નરસિંગ લેન, ડી.એસ. નગર, મલાડ (પશ્ચિમ), મુંબઈ-૪૦૦ ૦૬૪. |
| ૬. માસિકની માલિકનુ | : | રમેશ એસ. દોશી |
| નામ તથા સરનામુ | : | બી/૬૦૧, નંદનવન કો.ઓ.હા.સો.લિ. નરસિંગ લેન, ડી.એસ. નગર, મલાડ (પશ્ચિમ), મુંબઈ-૪૦૦ ૦૬૪. |

**ગોરક્ષા પાત્ર વતી હું, રમેશ એસ. દોશી આથી જાણ કરું છું કે ઉપર જણાવવામાં આવેલી હકીકતો મારી સમજ અને માન્યતા મુજબ સાચી છે.**

**તા.૦૧.૦૪.૨૦૧૬** **રમેશ એસ. દોશી**
**(પ્રકાશકની સહી)**


## લવાજમ મળેલ છે.

| | | |
|---|---|---|
| ૧. દિનેશભાઈ દેઢીયા | - કાંદિવલી | ૧૦૦૦/- |
| ૨. જયંતીલાલ શાહ | - જુહુ | ૫૦૦/- |
| ૩. શાંતીલાલ ગઢીયા | - વડોદરા | ૧૦૦/- |
| ૪. રાજેશ વીરા | - ઘાટકોપર | ૨૦૦/- |
| ૫. શૈલેશ દિવાન | - ગ્રાંટ રોડ | ૧૦૦/- |
| ૬. દિનેશભાઈ શાહ | - મલાડ | ૧૦૦/- |
| ૭.બાબુભાઈ સોલંકી | - મલાડ | ૧૦૦/- |
| ૮. યોગેન્દ્ર ઉઘાણી | - મલાડ | ૧૦૦/- |

**<u>નોંધ:</u> આપનું લવાજમ રમેશ એસ. દોશી બેંક ઓફ ઈંડીયા, મલાડ, મુંબઈ બ્રાંચ, ખાતા નંબર 003110100021366 માં ભરવા વિનંતી.**


### આ અંકનું સૌજન્ય

ઘનશ્યામ ગોપાલન ટ્રસ્ટ, રામુભાઈ ઠક્કર, ૪૦, કોમર્શીયલ ચેમ્બર, મસ્જીદ બંદર રોડ, મુંબઈ ૪૦૦ ૦૦૩, તરફથી મળેલ છે, જેની હર્ષ તથા આભારની લાગણી સાથે ઋણ સ્વીકાર કરીએ છીએ.

## તમે શા માટે દોડો છો ?

એક યુવાન : હું ખૂબ મહેનત કરું છું પણ સફળતા મળતી નથી. પરિશ્રમ એ જ પારસમણિમાં મને વિશ્વાસ છે. થાક્યા વગર પરિશ્રમ કરું છું પણ હજી સુધી સફળ થયો નથી.

આ પ્રશ્ન માત્ર એક યુવાનનો નથી. પરંતુ એવા કેટલાય યુવાનોનો છે જે ખૂબ પરિશ્રમ કરે છે, રાત-દિવસ જોયા વગર મંઝિલે પહોંચવા માટે મહેનત કરે છે. પરંતુ સફળતા એમનાથી એક વેંત દૂર રહી જાય છે. અને નિરાશા વ્યાપી જાય છે. બે માર્કસ માટે કે એક માર્ક માટે રહી જનારાઓની સંખ્યા ઓછી નથી. અહીં એવા લોકોની વાત છે કે જેમને પરિશ્રમ કરવો છે; પરિશ્રમ કરે છે પણ સફળતા માટે થોડુંક છેટું રહી જાય છે. આ લોકો ભલે સફળ ન થયા પણ તેઓ આળસું છે એમ કહી શકાય નહિ. તેઓ મહેનતુ છે, આશાવાદી છે, નિષ્ઠાવાન છે અને છતાં સફળતા પ્રાપ્ત કરી શકતા નથી.

એક મજાની વાત સાંભળોઃ એક વાર એક કૂતરો સસલાની પાછળ પડ્યો. એ શિકારી કૂતરો હતો. એટલે દોડવાની ઝડપ સારી હતી. સસલો આગળ અને કૂતરો સસલાની પાછળ લાંબો સમય દોડ્યા બાદ સસલાને એક બખોલ દેખાઈ અને તેમાં ઘૂસી ગયો. બખોલ નાની હતી. કૂતરો અંદર જઈ ન શક્યો અને સસલાની બહાર નીકળવાની રાહ જોતો બખોલની બહાર ઊભો રહ્યો. કૂતરાને વિચાર આવ્યો કે હું શિકારી કૂતરો, ઝડપથી દોડી શકનારો અને હું એક નાનકડાં સસલાને પકડી ન શકયો? કૂતરાએ પોતાની જાતને પ્રશ્ન પૂછ્યો. હવે તેને થયુ કે હું સસલાને કહું કે, ભાઈ બહાર નીકળ, મારે તને સવાલ પૂછવો છે. કૂતરાના અભય વચન પછી સસલો બહાર આવ્યો. કૂતરાએ સવાલ કર્યોઃ મારી દોડવાની ઝડપ તારા કરતાં વધુ હોવા છતાં હું તને પકડી કેમ ન શક્યો? સસલાએ સુંદર જવાબ આપ્યોઃ તુ તારા પેટનો ખાડો પૂરવા માટે દોડતો હતો. અને હું મારી જિંદગી બચાવવા માટે. કૂતરાને ખાસ સમજ પડી નહિ. કૂતરાએ પૂછ્યું : એટલે ? સસલાએ કહ્યુંઃ એટલે એમ કે જેઓ જીવન માટે દોડે છે, તેઓ પેટ માટે દોડનારા કરતાં હંમેશા આગળ નીકળી જાય છે.

**R.N.I. No.MAHGUJ / 2002 / 9750**

જૂન, ૧૮૯૪ માં શિકાગોથી મૈસૂરના મહારાજાને લખેલા પત્રમાં સ્વામી વિવેકાનંદજી નોંધે છે - ‘‘હે રાજવી! આ જીવન ટૂંકુ છે. અને તેના તુચ્છ મોજશોખો ક્ષણિક છે, જેઓ બીજા માટે જીવ છે તેઓ જ ખરેખર જીવે છે, બાકીના તો જીવતા કરતાં મરેલા વધુ છે.’’

અત્યારે આપણે જે કાર્ય કરી રહ્યાં છીએ તે પાછળનો સંદર્ભ તપાસવો જોઈએ. અભ્યાસ, નોકરી કે ધંધો કરતાં હોઈએ તે પાછળના આપણા સંબંધો તપાસીએ, કાર્ય પાછળના હેતુની યથાર્થતા અને યોગ્યતાને સમજીએ. સ્વાર્થ માટેની દોડ છે કે પરમાર્થ માટેની? આપણા કાર્યમાં જ્યારે પરમાર્થની સુગંધ ભળે છે ત્યારે કાર્યનો વિશાળ હેતુ સાર્થક બને છે.

‘માનવી મટી, બનું વિશ્વમાનવી’ મૂર્ધન્ય સાહિત્યકાર ઉમાશંકર જોશીની આ પંક્તિનું સાર્થક્ય તો જ જળવાશે જ્યારે આપણું કાર્ય સમષ્ટિ માટે બની રહે. હંમેશા વેંત છેટે રહી જતી સફળતા; આપણી કાર્ય કરવાની પદ્ધતિ, તે માટેના વૈશ્વિક હેતુ અને કરેલી સાધના પવિત્ર હોય તો સરેરાશ સફળતા કરતાં એક વેંત ઊંચી-ભવ્ય સફળતા મેળવી શકાય એમાં બે મત નથી. ઝડપ કેટલી છે એના કરતાં દોડનો હેતુ શો છે તે વધુ મહત્ત્વનું બની રહે છે.

### મિસરી

**કોઈનું પણ આંસુ લૂછયું હોય તે બેસે અહીં,**
**ને પછી છાતીમાં દુખ્યું હોય તે બેસે અહીં,**
**હાથ પોતાનોય બીજો જાણવા પામે નહીં,**
**કીડિયારું એમ પૂર્યું હોય તે બેસે અહીં.**

**- સ્નેહી પરમાર**

---

**Post Registration No. MNW/277/2015-17**
Registration No. with Registrar of Newspaper
RNI No. MAHGUJ/2002/9750
Posted at Liberty Garden, P.O.
on 5th or 6th of every month.

**ગોરક્ષા પાત્ર વતી માલિક, મુદ્રક, પ્રકાશક અને સંપાદક**
**રમેશ એસ. દોશી (નિમિત માત્ર)**
**બી/૬૦૧, નંદનવન કો.ઓ.હા.સો.લિ.**
**નરસિંગ લેન, ડી.એસ. નગર, મલાડ (પશ્ચિમ),**
**મુંબઈ- ૬૪. મો.નં.: ૭૫૦૬૭૫૦૨૫૧, ૯૪૨૭૬૬૩૪૭૩**
Email: doshir65@gmail.com **થી પ્રકાશિત કર્યું.**
**મુદ્રણ સ્થળ : ગોગરી ઓફસેટ, વાગરી પાડા, એ.કે. રોડ, અંધેરી (ઈ), મુંબઈ - ૪૦૦ ૦૬૯.**
**પ્રેરક : સત્પુરૂષોની પ્રેરણા અને આશીષ.**

ગોરક્ષા પાત્ર
**गाय बैल बचेंगे**
**देश बचेगा**

To,